**ક્રિ.કેસ.નંબરઃ–2074/2015**

**<u>આંક–૦૧ નીચે હુકમ</u>**

(૧) આ કેસ પોલીસે બી. પી. એકટની કલમ ૧૨૪ મુજબ દાખલ કરેલ છે. આરોપી/ઓને અનેક વખત સમન્સ/વોરંટ કાઢવામાં આવેલ છે તેમ છતાં હાલના કેસમાં અનેક તક આપવા છતાં પોલીસ આરોપી/ઓને હાજર રખાવવામાં નિષ્ફળ ગયેલ છે. આ કામે હાલનો કેસ તે સમન્સ ટ્રાયેબલ કેસ છે. પ્રોસીડીગ જોતા હાલનો કેસ ઘણા લાંબા સમયથી મૃતપ્રાય અવસ્થામાં રહેલ છે. આરોપી/ઓને શોધવા પોલીસને વ્યાજબી તકો આપવા છતાં પોલીસ આરોપી/ઓને હાજર રખાવી શકેલ નથી કે સમન્સ/વોરંટ બજાવી શકતી નથી જેથી ટ્રાયલ ચલાવવી લગભગ અશકય બની ગયેલ છે અને નજીકના ભવિષ્યમાં પણ પોલીસ આરોપી/ઓને શોધીને રજુ કરી શકે તેવી શકયતા અગાઉનું પ્રોસીડીગ જોતા જણાતું નથી. ઉપરોકત પરિસ્થીતીઓ, પરીબળો, કારણો તથા સંજોગો ઘ્યાને લેતા ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>: : હુકમ : :</u>

આરોપી/ઓ સામેની કાર્યવાહી બંધ કરવામાં આવે છે તથા આ કામે આરોપી/ઓને બિન તોહમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ અંગે અગાઉ કોઈ હુકમ થયેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે તથા અન્ય મુદ્દામાલ યોગ્ય સમયમાં કલેઈમ કરવામાં આવે તો માલીકીની ખરાઈ કરી પરત કરવા અન્યથા અપીલ સમય બાદ સરકાર ખાલસા કરવો તથા જો રોકડ રકમ હોય તો નિયમોનુસાર સરકારશ્રી ખાતે જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે તેમજ અન્ય મુદ્દામાલનો નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૧૩ મી, માહે જુલાઈ, સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલત (સ્પેશીયલ સીટીગ) માં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા. ૧૩/૦૭/૨૦૧૯.
મુ. અમદાવાદ.

**(દિલીપ પુખરાજ પુરોહિત)**
એડી. ચીફ મેટ્રો મેજી., કોર્ટ નં. ૧૫ (સ્પેશીયલ સીટીગ)
અમદાવાદ.
**જજ કોડ નં. જીજે ૦૦૯૨૮**